

# ચીનમાં મુશળધાર વરસાદ અને પૂરથી તબાહી: ૨૫નાં મોત

મુશળધાર વરસાદ અને પૂરે દક્ષિણ અને મધ્ય ચીનમાં ઓછામાં ઓછા ૨૫ લોકોના જીવ લીધા છે. હજારો લોકોને તેમના ઘર છોડીને સલામત સ્થળે જવા માટે મજબૂર થવું પડ્યું છે.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં દેશના દક્ષિણ અને મધ્ય ભાગો - જેમાં જિયાંગ્સી, અનહુઈ, હુનાન, હુબેઈ, ગુઈઝોઉ, ગુઆંગ્સી, ગુઆંગડોંગ અને હેનાન પ્રાંતોનો સમાવેશ થાય છે - ત્યાં હજુ પણ વધુ ભૂસ્ખલન અને અચાનક પૂરના ભારે જોખમ સાથે ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.

# શાંતિ મંત્રણા માટે ફરીથી તહેરાન જઈ રહેલા મુનીર

**મંત્રણા** પ્રક્રિયામાં ઇરાનના એક હાર્ડલાઇનર જનરલ પ્રવેશ્યા હોવાના પણ અહેવાલ

**ટ્રમ્પ** કહે છે વાતચીત અંતિમ તબક્કામાં પણ સાથે ચેતવણી પણ આપી

ઈસ્લામાબાદ, તહેરાન, તા. ૨૧: ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ફરી એકવાર સંઘર્ષ ન ભડકે તે માટે નવેસરથી પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીર ઉચ્ચ સ્તરીય પરામર્શ માટે તેહરાન જાય તેવી અપેક્ષા છે, કારણ કે ઈરાન અમેરિકાના સમર્થનવાળી તાજેતરની યુદ્ધવિરામ દરખાસ્તની સમીક્ષા કરી રહ્યું છે. આ મુલાકાત એવા નિર્ણાયક સમયે થઈ રહી છે, જ્યારે નાજુક યુદ્ધવિરામ લાગુ થયાના લગભગ છ અઠવાડિયા પછી પણ વાટાઘાટો ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહી છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ શાંતિ વાર્તાના 'અંતિમ તબક્કા'માં છે પરંતુ ઉમેર્યું કે પરિસ્થિતિ 'ગંભીર' બની શકે છે, જ્યારે ઈરાને તેમને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરવાના વિચારને 'એક ભ્રમ' ગણાવ્યો છે.

ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ હોર્મુઝ સ્ટ્રેટ (દરિયાઈ માર્ગ) પર કોઈ ટેક્સ (ટોલ) ઈચ્છતું નથી અને તે ઈરાનનો અત્યંત સંવર્ધિત યુરેનિયમનો ભંડાર પાછો મેળવશે.

યુદ્ધવિરામને તૂટતો બચાવવા માટે પાકિસ્તાને વિતેલા અઠવાડિયામાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે રાજદ્વારી સંપર્કો વધારી દીધા છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવી આ અઠવાડિયે બે વાર તેહરાનની મુલાકાત લઈ ચૂક્યા છે, જ્યારે ઈરાની સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પ્રસ્તાવિત શાંતિ માળખા અંગે વધુ ચર્ચા માટે અસીમ મુનીર ગુરુવારે ત્યાં પહોંચશે. સમાચાર એજન્સી રોયટર્સે અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાન તણાવ વધુ વણસે તે પહેલા બંને પક્ષો વચ્ચેની વાતચીતને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક સ્ત્રોતે રોયટર્સને જણાવ્યું કે, અમે ઈરાનના તમામ વિવિધ જૂથો સાથે વાતચીત કરી રહ્યા છીએ જેથી સંપર્કને વધુ સુવ્યવસ્થિત કરી શકાય અને પ્રક્રિયા ઝડપી બને.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ પુષ્ટિ કરી છે કે તેહરાનની ૧૪-મુદ્દાની શાંતિ દરખાસ્તના આધારે પાકિસ્તાની મધ્યસ્થીઓ દ્વારા બંને પક્ષે સંદેશાઓની અનેક રાઉન્ડની આપ-લે થઈ ચૂકી છે. દરમ્યાન એવું પણ જાણવા મળે છે કે બ્રિગેડિયર જનરલ અહમદ વહીદી, જેઓ ઈરાનના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડના વડા છે અને એક હાર્ડલાઈનર લશ્કરી નેતા મનાય છે અને ઘરઆંગણે તથા વિદેશોમાં અનેક હુમલાઓમાં તેમનું નામ બોલાય છે તેમણે મહત્વનું સ્થાન મેળવ્યું છે અને મંત્રણામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

## ટ્રમ્પ અને નેતાન્યાહુ વચ્ચે ફોન પર ઉગ્ર બોલાચાલી

**અમેરિકી** પ્રમુખ સમજૂતિ કરવા માગે છે, ઇઝરાયેલી વડાપ્રધાન કહે છે કે હુમલા અટકશે તો મોટી ભૂલ હશે

**ફોન** કોલ પછી નેતાન્યાહુ ધુંઆપુંઆ દેખાતા હોવાનું એક સૂત્રએ જણાવ્યું

વોશિંગ્ટન, તા. ૨૧: ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે એક ઉગ્ર ફોન કોલ દરમિયાન જોરદાર ઘર્ષણ થયું હતું, જેના કારણે ઇઝરાયેલી નેતા ધુઆંપુઆં થઇ ગયા હતા તેવો ખુલાસો એક સ્ત્રોતે કર્યો છે.

મંગળવારની સાંજે બંને નેતાઓ વચ્ચે એક મુશ્કેલ અને લાંબી ટેલિફોનિક વાતચીત થઈ હતી, જેમાં ટ્રમ્પ ઈરાન યુદ્ધમાં આગળ વધવાના રસ્તા અંગે અસંમત જણાતા હતા. ઇઝરાયેલની ચેનલ ૧૨ના જણાવ્યા અનુસાર, નેતન્યાહુને હવે તે વાત પર વધુને વધુ શંકા થઈ રહી છે કે તેહરાન સાથેની આગામી વાટાઘાટોથી કોઈ શાંતિ સમજૂતી થશે, અને તેથી તેઓ ફરીથી લશ્કરી હુમલાઓ શરૂ કરવા માંગે છે. બીજી તરફ, ટ્રમ્પ યુદ્ધ તરફ પાછા વળતા પહેલા એક એવી સમજૂતી માટે વધુ દબાણ કરવા માંગે છે જેમાં ઈરાન તેના પરમાણુ હથિયારોના કાર્યક્રમને સંપૂર્ણપણે છોડી દે. એમ જાણવા મળે છે કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પનો ઝોક ઇરાન સાથે સમજૂતિ કરી લેવા તરફ વધારે હતો જ્યારે ઇઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુનું કહેવું હતું કે જો હુમલા અટકાવી દેવામાં આવે તો તે એક મોટી ભૂલ હશે.

'એક્સિઓસ'ને એક સ્ત્રોતે જણાવ્યું કે, વોશિંગ્ટન સ્થિત ઇઝરાયેલના રાજદૂતે અમેરિકાના સાંસદોને જાણ કરી હતી કે નેતન્યાહુ આ ફોન કોલથી ચિંતિત હતા. તેમણે દાવો કર્યો હતો કે આ તણાવપૂર્ણ વાતચીત બાદ વડાપ્રધાનના ખૂબ રોષિત અને ચિંતીત હતા. બિબી (નેતન્યાહુ) હંમેશા ચિંતીત જ હોય છે, તેમ અન્ય એક સ્ત્રોતે જણાવ્યું હતું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે નેતન્યાહુ ઈરાન મામલે 'હું જે કહીશ તે જ કરશે', જો કે તેમણે ઉમેર્યું કે બંને વચ્ચે સારા સંબંધો છે.

---

પેજ 3

## 'વીઆઈપી કોચ નથી હોતો': પેટ્રોલ બચાવવા માટે હેમા માલિનીએ મેટ્રોમાં મુસાફરી કરવાનો ઇનકાર કર્યો



મુંબઈ, તા. 21: હેમા માલિનીએ વિદેશ પ્રવાસો કરવાનો ઇનકાર કરી દીધો છે અને તેનું કારણ પીએમ મોદીની એ વિનંતી છે જે તેમણે ડીઝલ-પેટ્રોલ બચાવવા માટે કરી હતી. આ સિવાય હેમા માલિનીએ ગાડી છોડીને મેટ્રોથી મુસાફરી કરવાનો એટલા માટે ઇનકાર કર્યો છે કારણ કે તેમાં વીઆઈપી કોચ નથી હોતો. મેટ્રોમાં વીઆઈપી કોચવાળી વાત સાંભળીને લોકો તેમને ટ્રોલ કરી રહ્યા છે પરંતુ એક્ટ્રેસે કેમ આ વાત કહી તેને લઈને તેમણે ખુદ ખુલાસો કર્યો છે. ખરેખર હેમા માલિનીએ સ્પષ્ટપણે કહ્યું છે કે તેમને મેટ્રોમાં મુસાફરી કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ તેમાં વીઆઈપી કોચ નથી હોતો. એવામાં ત્યાં ભીડ હશે અને ફેન્સ તસવીરો અને સેલ્ફી માટે માનશે નહીં. હેમા માલિનીનું કહેવું છે કે આ રીતે ત્યાં બેઠેલા મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડશે.

## બધા પેપરાઝી એકસાથે બોલ્યા- "સોરી ભાઈજાન"



મુંબઈ, તા. 21 : મંગળવારે સલમાન ખાન હિન્દુજા હોસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાંથી બહાર નીકળતી વખતે પેપરાઝીના ઘોંઘાટથી એક્ટર ભડકી ગયો હતો. તેમણે પેપરાઝીને બરાબરની ખરી-ખોટી સંભળાવી અને પછી બાદમાં સીરીઝમાં પોસ્ટ શેર કરીને બધાને ચેતવણી આપી હતી. જોકે, હવે આ વિવાદ ખતમ થઈ ચૂક્યો છે. તાજેતરમાં જ સલમાન ખાન, ફિલ્મ 'રાજા શિવાજી'ની સક્સેસ પાર્ટીમાં પહોંચ્યો હતો, જ્યાં બધા પેપરાઝીએ તેમની માફી માંગી છે. સલમાન જેવો પાર્ટીમાં પહોંચ્યો કે તરત જ બધા પેપરાઝીએ તેમને ઘેરી લીધો અને માફી માંગવા લાગ્યા. બધા એકસાથે, ''સોરી ભાઈજાન'' જોરથી કહેતા જોવા મળ્યા હતા. ત્યાર બાદ સલમાને પણ તેમની માફી સ્વીકારી લીધી હતી.

# પાંચ દેશોના પ્રવાસ દરમ્યાન મોદીએ કયા દેશના નેતાઓને કઈ ભેટો આપી?

**વિદેશી** મહાનુભાવોને ભેટ અપાયેલી વસ્તુઓમાં વિવિધ પ્રકારની શાલ, મધુબની પેઇન્ટિંગ, વિવિધ પ્રકારની પ્રતિકૃતિઓ અને ચિત્રો, કેસર કેરી અને અનાનસ જેવી વસ્તુઓનો સમાવેશ

નવી દિલ્હી, તા. ૨૧(પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ સંપન્ન થયેલા તેમના પાંચ દેશોના પ્રવાસ દરમિયાન ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને મૂગા સિલ્કની શાલ, નેધરલેન્ડના વડાપ્રધાન રોબ જેટનને માછલીની આકૃતિવાળું મધુબની પેઈન્ટિંગ અને સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસનને લદ્દાખી શુદ્ધ ઊનની શાલ ભેટમાં આપ્યા હતા, જે તેમના દ્વારા આપવામાં આવેલી વિવિધ ભેટો પૈકીની કેટલીક ખાસ ભેટ હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, આ પ્રવાસ દરમિયાન મોદીએ સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને કેસર કેરી અને મેઘાલયના અનાનસ, આઈસલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટરૂન ફ્રોસ્ટેડોટિરને શેરપા તેનઝિંગ નોર્ગે દ્વારા ઉપયોગમાં લેવાયેલી બરફ કાપવાની કુહાડીની પ્રતિકૃતિ અને ડેનમાર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેનને બિદ્રી સિલ્વર વર્કવાળી ફૂલદાની સહિતની અન્ય ભેટો પણ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મોદીએ હાલમાં સંયુક્ત આરબ અમીરાત(UAE), નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની મુલાકાત લીધી હતી.

**કોને કઈ ભેટ આપી?**

**ઇટાલી (વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની):** બ્રહ્મપુત્રા ખીણનું દુર્લભ મૂગા સિલ્ક સ્ટોલ (શાલ) અને મેલોડી ટોફીસનું પેકેટ.

**યુએઈ - (પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન):** કચ્છનું પ્રખ્યાત 'રોગન પેઈન્ટિંગ' (ટ્રી ઓફ લાઈફ), જીઆઈ-ટેગવાળી કેસર કેરી અને મેઘાલયના અનાનસ.

**યુએઈ - (રાજમાતા):** મહેશ્વરી સિલ્કનું કાપડ અને ચાક-હાઓ ચોખા.

**નેધરલેન્ડ (વડાપ્રધાન રોબ જેટન):** માછલીની આકૃતિવાળું મધુબની પેઈન્ટિંગ.

**નેધરલેન્ડ (રાજા):** જયપુરની પ્રખ્યાત જીઆઈ-ટેગ ધરાવતી બ્લુ પોટરી (વાદળી માટીના વાસણો).

**નેધરલેન્ડ (રાણી):** રાજસ્થાનની પરંપરાગત મીનાકારી અને કુંદનની ઈયરિંગ્સ (બુટ્ટી).

**સ્વીડન (વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસન):** લદ્દાખી શુદ્ધ ઊનની શાલ.

**નોર્વે (વડાપ્રધાન જોનાસ ગેહર સ્ટોર):** પ્રેસ્ડ ઓર્કિડ પેઈન્ટિંગ અને ઓર્કિડ પેપરવેઈટ્સ.

**નોર્વે (રાજા):** ચાંદીના બારીક તારથી બનેલું જટિલ નૌકા (બોટ)નું મોડેલ.

**નોર્વે (રાણી):** તાડના પાન પર બનેલું પૌરાણિક પટ્ટચિત્ર.

**આઇસલેન્ડ (વડાપ્રધાન ક્રિસ્ટરૂન ફ્રોસ્ટેડોટિર):** શેરપા તેનઝિંગ નોર્ગે દ્વારા વપરાયેલી બરફ કાપવાની કુહાડીની પ્રતિકૃતિ.

**ડેનમાર્ક (વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેન):** બિદ્રી સિલ્વર વર્કવાળી કલાત્મક ફૂલદાની.

# ભારતના કોલ સેન્ટર નેટવર્ક પર ત્રાટકી એફબીઆઈ

**અમેરિકન** વૃદ્ધોને લૂંટતું ભારતનું 'ટેક સપોર્ટ' કોલ સેન્ટર બંધ કરાવાયું

ન્યૂયોર્ક, તા. ૨૧ (પીટીઆઈ) વર્ષો લાંબી તપાસ બાદ પાંચ ટેલિમાર્કેટિંગ દ્વારા છેતરપિંડી કરનારાઓને દોષિત ઠેરવ્યા પછી યુએસના સત્તાવાળાઓએ એક ભારત સ્થિત કોલ સેન્ટરની કામગીરી બંધ કરાવી દીધી છે, જેણે ટેક સપોર્ટ કૌભાંડો દ્વારા સેંકડો વૃદ્ધ અમેરિકનો સાથે લાખો ડોલરની છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. બુધવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) બોસ્ટને જણાવ્યું હતું કે, આ તપાસના પરિણામે છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી કોલ રાઉટિંગ કંપનીના ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરી હતી અને સજા પણ થઈ છે.

પોસ્ટમાં જણાવાયું છે કે, કોલ સેન્ટર કૌભાંડે યુએસ અને વિદેશમાં સેંકડો વૃદ્ધ પીડિતોને નિશાન બનાવ્યા હતા અને તેમની સાથે લાખો ડોલરની છેતરપિંડી કરી હતી અને આ વ્યાપક છેતરપિંડી તરફ જાણીજોઈને આંખ આડા કાન કરવા બદલ તેને સક્ષમ બનાવનાર વ્યવસાય ચલાવતા બે વરિષ્ઠ અધિકારીઓએ હમણાં જ પોતાનો ગુનો કબૂલ કર્યો છે.

પોસ્ટમાં જણાવાયું હતું કે, "આ એફબીઆઈ બોસ્ટનની તપાસ પછી સામે આવ્યું છે, જેના પરિણામે કોલ રાઉટિંગ કંપનીના એક ભૂતપૂર્વ કર્મચારી અને પાંચ ભારત સ્થિત ટેલિમાર્કેટિંગ ફ્રોડસ્ટર્સની ધરપકડ અને સજા થઈ છે."

પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકન વરિષ્ઠ નાગરિકો સન્માન, આદર અને સુરક્ષાના હકદાર છે અને જેઓ તેમને કપટપૂર્ણ યોજનાઓથી નિશાન બનાવે છે તેમને અવશ્ય સજા મળશે.

# ઈલોન મસ્કની SpaceX લાવશે ઈતિહાસનો સૌથી મોટો IPO!

**SPCX**' ટિકર સાથે નાસ્ડેક પર લિસ્ટ થશે કંપની; $૧.૭૫ ટ્રિલિયનના મૂલ્યાંકન સાથે મસ્ક બનશે દુનિયાના પ્રથમ 'ટ્રિલિયોનર'

ન્યૂયોર્ક, તા. ૨૧: ઈલોન મસ્કે સ્પેસએક્સને અમેરિકી શેરબજારમાં લિસ્ટ કરવાની યોજના જાહેર કરી છે, જે ઈતિહાસમાં સૌથી મોટો સ્ટોક માર્કેટ આઈપીઓ બનવાનો માર્ગ મોકળો કરશે અને તેમને વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બનાવશે.

આ રોકેટ, સેટેલાઈટ અને AI કંપનીએ બુધવારે યુએસ નિયામકો સમક્ષ પોતાનો પ્રોસ્પેક્ટસ સબમિટ કર્યો હતો, જેનાથી જાણવા મળ્યું છે કે સ્પેસએક્સે 'SPCX' ટિકર હેઠળ નાસ્ડેક પર પ્રવેશ કરવાનું નક્કી કર્યું છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) પાસે કરાયેલા આ ફાઈલિંગમાં સ્પેસએક્સ કેટલું ભંડોળ એકત્ર કરવા માંગે છે તેની ચોક્કસ રકમ જાહેર કરવામાં આવી નથી. અહેવાલો અનુસાર, મસ્ક $1.75 ટ્રિલિયન (આશરે 145 લાખ કરોડથી વધુ) ના મૂલ્યાંકન પર લગભગ $75 બિલિયન એકત્ર કરવાનું વિચારી રહ્યા છે. આનાથી મસ્ક ઈતિહાસમાં પ્રથમ ટ્રિલિયોનર બનવાના માર્ગ પર આવી જશે.

# નવા મંત્રીઓની શપથવિધિમાં પણ તમિલ રાજ્ય ગીત છેલ્લે વગાડાતા વિવાદ

**તમિલનાડુના** મંત્રીમંડળમાં ઉમેરાયેલા મંત્રીઓની શપથવિધિના સમારંભમાં પણ આ ગીતી વંદેમાતરમ અને રાષ્ટ્રગીત પછી વગાડાયું

**અગાઉ** ૧૦મી તારીખે વિજય અને સાથી મંત્રીઓની શપથવિધિ વખતે પણ આવો જ વિવાદ થયો હતો

ચેન્નઈ, તા. ૨૧(પીટીઆઈ): તમિલનાડુના નવા સામેલ કરાયેલા મંત્રીઓના શપથગ્રહણ સમારોહ દરમિયાન તમિલ થાઈ વાજથુ ગીતત સૌથી છેલ્લે ગાવામાં આવતા ગુરુવારે એક નવો રાજકીય વિવાદ ફાટી નીકળ્યો હતો. ડીએમકેના સંગઠન સચિવ આર. એસ. ભારતીએ ટીવીકે મંત્રીઓના શપથગ્રહણ સમારોહમાં તમિલ રાજ્ય ગીત તમિલ થાઈ વાજથુને ત્રીજા ક્રમે રાખવા બદલ આકરી નિંદા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના એ બાબત દર્શાવે છે કે જે રીતે તમિલ રાજ્ય ગીતને ક્રમમાં પાછળ ધકેલી દેવામાં આવ્યું, તેવી જ રીતે તમિલનાડુને પણ દરેક ક્ષેત્રમાં પાછળ ધકેલી દેવામાં આવશે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તમિલ રાજ્ય ગીતનું સતત અપમાન થઈ રહ્યું છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની હાજરીમાં યોજાયેલા શપથગ્રહણ સમારોહમાં વંદે માતરમ અને રાષ્ટ્રગીત પછી તમિલ ગીત ગાવામાં આવતા ડાબેરી પક્ષોએ પણ વાંધો ઉઠાવ્યો હતો. આ સમારોહ તેમના પ્રથમ કેબિનેટ વિસ્તરણ તરીકે યોજાયો હતો. આજે દિવસની શરૂઆતમાં ટીવીકે (TVK)ના 21 ધારાસભ્યો અને કોંગ્રેસના બે ધારાસભ્યોને કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા હતા. અગાઉ તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે ૧૦ મેના રોજ વિજયના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન પણ તમિલ થાઈ વાઝ્થુ ગીતને વંદે માતરમ અને જન ગણ મન પછી ત્રીજા સ્થાને રાખવામાં આવ્યું ત્યારે પણ આવો જ વિવાદ સર્જાયો હતો.

# નીટ પેપર લીક મામલે સંસદીય સમિતિમાં ભારે હોબાળો

**સાંસદોએ** NTA ડીજીને આડે હાથ લીધા

અમારી સિસ્ટમમાંથી પેપર લીક નથી થયું"- NTAના ડીજીના જવાબ પર વિપક્ષી સાંસદો લાલચોળ

નવી દિલ્હી, તા. ૨૧ (પીટીઆઈ) સંસદના કેટલાક સભ્યોએ ગુરુવારે એનટીએના ટોચના અધિકારીઓની આકરી પૂછપરછ કરી હતી, જેમાં એજન્સીના ડિરેક્ટર જનરલે સભ્યોને જણાવ્યું હતું કે, નીટ-યુજીનું પેપર તેમની સિસ્ટમ દ્વારા લીક થયું નથી અને સીબીઆઈ આ મામલાની તપાસ કરી રહી છે. શિક્ષણ, મહિલા, બાળ, યુવા અને રમતગમત બાબતોની સંસદીય સ્થાયી સમિતિની બેઠક દરમિયાન કેટલાક સાંસદોએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના અધિકારીઓને ભવિષ્યમાં પેપર લીક થતા અટકાવવા માટે પરીક્ષા પ્રણાલીને મજબૂત કરવા તેમના દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે પ્રશ્નો કર્યા હતા. સમિતિએ શિક્ષણ સચિવ વિનીત જોશી સહિત શિક્ષણ મંત્રાલયના ટોચના અધિકારીઓને તેડાવ્યા હતા. એનટીએના અધિકારીઓ, જેમાં ચેરપર્સન પ્રદીપ કુમાર જોશી અને ડિરેક્ટર જનરલ અભિષેક સિંઘ સામેલ હતા, તેમણે એજન્સીમાં સુધારા અંગેના રાધાકૃષ્ણન રિપોર્ટની ભલામણો પર વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ)નું પેપર કેવી રીતે લીક થયું તે અંગે સાંસદોના પ્રશ્નો પર સિંઘે જણાવ્યું હતું કે, તે તેમની સિસ્ટમ દ્વારા લીક થયું નથી.







